એગ્રોનોમી વિભાગ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા પ્રગતિશીલ ખેડૂતો માટે 'સજીવ ખેતી' તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યો

આઝાદીના અમૃત મહોત્સવ તથા બં. અ. કૃષિ મહાવિદ્યાલયના અમૃત મહોત્સવના ભાગ રૂપે એગ્રોનોમી વિભાગ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ દ્વારા તા. ૧૪ થી ૧૮ ફેબ્રુઆરી ૨૦૨૨ દરમ્યાન પાંચ દિવસીય સજીવ ખેતી અંતર્ગત ખેડૂતો માટેનો તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં સમગ્ર રાજ્યના કુલ ૦૪ જીલ્લાના સજીવ ખેતીમાં રસ ધરાવતા ૩૩ ખેડૂતોએ ઉત્સાહ જોર ભાગ લીધો હતો. સદર તાલીમ કાર્યક્રમનો ઉદ્ઘાટન સમારોહ ડૉ. વાય. એમ. શુકલ, આચાર્ય અને વિદ્યાશાખાધ્યક્ષશ્રી, બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના હસ્તે કરવામાં આવ્યો અને તેઓશ્રી એ સજીવ ખેતીની જરૂરીયાત વિષે ખેડૂતોને માહિતગાર કર્યા. ખેડૂતોને સજીવ ખેતીનું સૈધ્ધાંતિક જ્ઞાન અને પ્રાયોગિક તાલીમ મળી રહે તે ઉદ્દેશથી સજીવ ખેતી તાલીમ કાર્યક્રમ કરવામાં આવે છે. સદર તાલીમ કાર્યક્રમમાં વિવિધ સજીવખેતીના આયામ જેવા કે પોષણ વ્યવસ્થા,પાક સંરક્ષણ, ક્ષેત્રિય વ્યવસ્થા, ગૌઆધારિત ખેતી, સર્ટિફિકેશન પધ્ધતિ, બજાર વ્યવસ્થા વગેરે વિષયના નિષ્ણાતો દ્વારા સજીવ ખેતીમાં આવતી મુશ્કેલીઓ-સમાધાન-ઉકેલ વિષે વિસ્તૃતમાં ચર્ચા કરવામાં આવેલ જેથી ખેડૂતોમાં સજીવ ખેતી તરફનો અભિગમ વધે અને રસાયણમુક્ત અનાજ–શાકભાજી-ફળ વગેરે ઉત્પાદન કરી આર્થિક વળતર મેળવી શકે. વધુમાં તાલીમાર્થીઓને સજીવ ખેતી કરવા માટેનું પ્રેરણાબળ મળી રહે તેવા ઉમદા હેતુથી તેઓને આણંદ આજુબાજુ સજીવ ખેતી સાથે સંકળાયેલા ખેડૂતોના ફાર્મ તથા ઓર્ગેનિક સ્ટોર ખાતે રૂબરુ મૂલાકાત પણ કરાવવામાં આવી હતી.

સમારોહ કાર્યક્રમના અંતમા આચાર્ય અને વિદ્યાશાખાધ્યક્ષશ્રી, બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આણંદ કૃષિ યુનિવર્સિટીના ડો. વાય. એમ. શુક્લ સાહેબના હસ્તે પ્રમાણપત્ર, સજીવ ઈનપુટ સામગ્રી કીટ તથા શાકભાજી બીજનું વિતરણ કરવામાં આવેલ હતું.

સજીવ ખેતીના કાર્યક્રમનાં અંતમાં તાલીમ લીધેલ ખેડૂતોનો અભિપ્રાય પણ લેવામાં આવેલ. વિભાગના પ્રાધ્યાપક અને વડા ડૉ. વી. જે. પટેલએ ખેડૂતોને સજીવ ખેતીની અગત્યતા અને તકો તેમજ તેને અપનાવવા માટે ખેડૂતોને પ્રોત્સાહિત કરેલ. સમગ્ર કાર્યક્રમને સફળ અને પરિણામલક્ષી બનાવવા માટે ડૉ. પી. એમ. પટેલ તથા વિભાગના પ્રાધ્યાપકગણ ડૉ. જે. સી. શ્રોફ, ડૉ. વી. ડી. ચૌધરી અને ડૉ. એ. પી. પટેલ દ્વારા નિષ્ઠાપૂર્વક પ્રયત્ન કરવામાં આવેલ.

સજીવ ખેતી તાલીમ કાર્યક્રમની ઝાંખી